# આવશ્યકતાઓ

*અમે કોણ છીએ - અમે શું માનીએ છીએ*

## નેઝરીન મંડળી

## વિશ્વાસની શરતો

**શરત ૧**

**ત્રિએક ઈશ્વર**

*અમે  એક અનાદિ અસ્તિત્વ ધરાવનાર, અનંત ઈશ્વર સર્વસત્તાધારી સર્જનહાર અને સૃષ્ટિને નિભાવનારમાં વિશ્વાસ કરીએ છીએ કે તે જે એક માત્ર ઈશ્વર છે, સ્વભાવ, લક્ષણો અને ઈરાદાઓમાં પવિત્ર છે. ઈશ્વર જે પવિત્ર, પ્રેમ અને પ્રકાશ છે તે અનિવાર્ય વ્યક્તિમાં ત્રીએક છે જે પિતા,પુત્ર, પવિત્ર આત્મામાં પ્રગટ થયેલ છે.*

*ઉત્પત્તિ ૧, લેવીય ૧૯:૨, પુનર્નિયમ ૬:૪-૫, યશાયા ૫:૧૬, ૬:૧-૭, ૪૦:૧૮-૩૧, માથ્થી ૩:૧૬-૧૭, ૨૮:૧૯-૨૦, યોહાન ૧૪:૬-૨૭, ૧કરિંથી ૮: ૬, ૨કરિંથી ૧૩:૧૪, ગલાતી ૪:૪-૬, એફેસી ૨:૧૩-૧૮, ૧યોહાન ૧:૫, ૪:૮*

**શરત ૨**

**ઈસુખ્રિસ્ત**

*અમે ત્રીએક ઈશ્વરમાંની બીજી વ્યક્તિ ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરીએ છીએ, કે તે પિતાની સાથે અનાદિમાં એક હતો, તે પવિત્ર આત્મા દ્વારા દેહધારી થયો અને કુંવારી મરિયમ દ્વારા જન્મ્યો જેથી બે પૂરેપૂરા અને સંપૂર્ણ સ્વભાવો જેને કહી શકાય કે ઈશ્વર અને માનવ આવી રીતે એક વ્યક્તિમાં સંયોજીત થયા, એટલે વાસ્તવિક ઈશ્વર અને વાસ્તવિક માનવ - દિવ્યપુરુષ.*

*અમે વિશ્વાસ કરીએ છીએ કે ઈસુ ખ્રિસ્ત આપણા પાપો માટે મરણ પામ્યો અને તે ખરેખર મરણમાંથી સજીવન થયો અને માનવ સ્વભાવની સંપૂર્ણતા વિશે નિસ્બત ધરાવતી સર્વ બાબતોની સાથે ફરીથી પોતાનું દેહધારણ કર્યું. જેની સાથે તેણે સ્વર્ગારોહણ કર્યું અને તે ત્યાં આપણી માટે મધ્યસ્થીમાં લાગુ રહ્યો છે.*

*માથ્થી ૧:૨૦-૨૫, ૧૬:૧૫-૧૬, લૂક ૧:૨૬-૩૫, યોહાન ૧:૧-૧૮, પ્રે.કૃ ૨:૨૨-૩૬, રોમન ૮:૩,૩૨-૩૪, ગલાતી ૪:૪,૫, ફિલિપ્પી ૨:૫-૧૧, ક્લોસી ૧:૧૨-૨૨, ૧તિમોથી ૬:૧૪-૧૬, હિબ્રૂ ૧:૧-૫, ૭:૨૨-૨૮, ૯:૨૪-૨૮, ૧યોહાન ૧:૧-૩, ૪:૨૩,૧૫*

**શરત ૩**

**પવિત્ર આત્મા**

*અમે ત્રીએક દેવમાંની ત્રીજી વ્યક્તિ પવિત્ર આત્મામાં વિશ્વાસ કરીએ છીએ, કે તે સદાય હાજર છે અને ખ્રિસ્તની મંડળીમાં અને સાથે કુશળતાપૂર્વક સક્રિય છે, જગતને પાપનું ભાન કરાવે છે, જેઓ પસ્તાવો અને વિશ્વાસ કરે છે તેઓને પુનર્જીવિત કરીને, વિશ્વાસીઓનું પવિત્રીકરણ અને ઈસુમાં હતું તેમ સર્વ સત્યમાં દોરી જવું.*

*યોહાન ૭:૩૯, ૧૪:૧૫-૧૮,૧૬:૭-૧૫, પ્રે.કૃ ૨:૩૩, ૧૫:૮-૯, રોમન ૮:૧-૨૭, ગલાતી ૩:૧-૧૪, ૪:૬, એફેસી ૩:૧૪-૨૧, ૧થેસ્સા ૪:૭-૮, ૨થેસ્સા ૨:૧૩, ૧પિતર ૧:૨, ૧યોહાન ૩:૨૪, ૪:૧૩.*

**શરત ૪**

**પવિત્ર શાસ્ત્ર**

*અને પવિત્રશાસ્ત્રની અમર્યાદીત પ્રેરણામાં વિશ્વાસ કરીએ છીએ જેનાથી અમે સમજીએ છીએ કે જૂના કરાર અને નવા કરારના ૬૬ પૂસ્તકો દૈવિય પ્રેરણાથી અપાયેલા છે, જે આપણા તારણ માટેની સર્વ જરૂરી બાબતોમાં આપણા માટે દેવની ઈચ્છાને ભૂલ વગર પ્રગટ કરી રહ્યું છે, જેથી તેમાં જે કંઈ બાબતોનો સમાવેશ નથી તેને વિશ્વાસની શરતોમાં જોડી ન શકાય.*

*લૂક ૨૪ :૪૪-૪૭, યોહાન ૧૦:૩૫, ૧કરિંથી ૧૫:૩-૪, ૨ તિમોથી ૩:૧૫-૧૭, ૧ પિતર૧:૧૦-૧૨, ૨ પિતર ૧:૨૦-૨૧*

**શરત ૫**

**પાપ,મૂળ અને વ્યક્તિગત**

*અમે વિશ્વાસ કરીએ છીએ કે આપણા પ્રથમ વાલીની અનાજ્ઞાંધીનતા દ્વારા પાપ જગતમાં પ્રવેશ્યું અને પાપ દ્વારા મરણ આવ્યું. અમે માનીએ છીએ કે પાપ બે પ્રકારના છે :મૂળ પાપ અથવા ચારિત્ર્યખંડન અને પ્રત્યક્ષ અથવા વ્યક્તિગત પાપ.*

*અમે માનીએ છીએ કે મૂળ પાપ અથવા ચારિત્ર્યખંડન એ આદમના સર્વ વંશજોના સ્વભાવમાં ભ્રષ્ટતા છે. તેના કારણે મૂળ ન્યાયીપણાથી અથવા શુદ્ધ સ્થિતિથી દૂર જતા રહ્યાં છે જે આપણા પ્રથમ વાલીની તેમની ઉત્પત્તિના સમયે હતી, જે દેવની વિરુદ્ધ છે, જે આત્મિક જીવન વગરની છે, અને જે દુષ્ટતા સાથે જોડાયેલ તથા તેમાં સતત લાગુ છે. અમે વધુમાં માનીએ છીએ કે પસ્તાવો કરેલ વ્યક્તિના નવા જીવનમાં મૂળ પાપ અસ્તિત્વ ત્યાં સુધી ધરાવે છે જ્યાં સુધી પવિત્રઆત્મા બાપ્તિસ્મા દ્વારા હૃદયને પૂરેપૂરું શુદ્ધ કરી ન દે.*

*અમે માનીએ છીએ કે મૂળ પાપ, વ્યક્તિગત પાપથી અલગ છે, હવે વ્યક્તિની અંદર જે મૂળ પાપ વારસાગત રીતે સ્વાભાવિક વલણમાં વ્યક્તિગત પાપ કરવાની પ્રેરણા પૂરી પાડે છે જ્યારે વ્યક્તિ જો પાપ કરે તો તે પાપ માટે કોઈ જવાબદાર હોતુ નથી ત્યાં સુધી કે જો વ્યક્તિ દૈવિય રીતે અપાયેલ ઉપચારનો નકાર કરે અથવા અસ્વિકાર કરે ત્યારે જ તે તેની માટે દોષિત ગણાય છે.*

*અમે માનીએ છીએ કે નૈતિક જવાબદાર વ્યક્તિ દેવનો નિયમ જાણીને સ્વૈચ્છિક રીતે ઉલ્લંઘન કરે તે છે પ્રત્યક્ષ પાપ અથવા વ્યક્તિગત પાપ. જે અસ્વૈચ્છિક અને અનિવાર્ય ખામીઓ, દૈહિક નિર્બળતાઓ, અપરાધ, ભૂલો નિષ્ફળતાઓ અથવા સંપૂર્ણ આચરણના ધોરણથી અન્ય વિચલનો કે જે પતિત થવાની અસરો છે તેનાથી ગૂંચવાઈ જવાની જરૂર નથી. તેમ છતાં અજ્ઞાન અસરો ખ્રિસ્તના આત્માની વિરોધી વલણો અને સહકારોને સામેલ કરતા નથી જેને ચોક્કસપણે કહી શકાય કે આત્માના પાપો. અમે માનીએ છીએ કે વ્યક્તિગત પાપ એ પ્રેમના નિયમનું પ્રાથમિક્તા અને અનિવાર્યપણે કરવામાં આવેલ ઉલ્લંઘન છે અને ખ્રિસ્તની સાથે સંબંધમાં જોતા પાપને અવિશ્વાસ તરીકે વર્ણવી શકાય.*

*મૂળ પાપ : ઉત્પત્તિ ૩, ૬:૫, અયુબ ૧૫:૧૪, ગીતશાસ્ત્ર ૫૧ :૫, યર્મિયા ૧૭:૯-૧૦, માર્ક ૭:૨૧-૨૩, રોમન ૧:૧૮-૨૫, ૫:૧૨-૧૪, ૭: ૧ - ૮:૯, ૧કરિંથી ૩:૧-૪, ગલાતી ૫:૧૬-૨૫, ૧યોહાન ૧:૭-૮, વ્યક્તિગત પાપ : માથ્થી ૨૨:૩૬-૪૦, (સાથે ૧યોહાન ૩:૪), યોહાન ૮ : ૩૪-૩૬, ૧૬:૮-૯, રોમન ૩ : ૨૩, ૬:૧૫-૨૩, ૮:૧૮-૨૪, ૧૪:૨૩, ૧યોહાન ૧ : ૯, ૨:૪, ૩ : ૭-૧૦.*

**શરત ૬**

**પ્રાયશ્ચિત બલિ**

*અમે માનીએ છીએ કે ઈસુ ખ્રિસ્તે પોતાની પીડાઓ, પોતાનું લોહી વહેવડાવવા દ્વારા અને વધસ્તંભ પર પોતાના મરણ દ્વારા સર્વ માનવોના પાપોના માટે પૂરેપૂરું પ્રાયશ્ચિત બલિદાન કર્યું અને આ પ્રાયશ્ચિત બલિ તારણ માટેનું એક જ સ્તર છે જે દરેક વ્યક્તિને આદમના વારસા માટે પૂરતું છે. પ્રાયશ્ચિત બલિ  એ તારણ માટેનું કૃપાળુ કાર્યસાધક છે એવા લોકો માટે કે જેઓ નૈતિક જવાબદારીઓ માટે અક્ષમ છે અને બાળકો માટે કે જેઓ અજ્ઞાન છે પણ જેઓ માત્ર પસ્તાવો કરીને વિશ્વાસ કરે ત્યારે જ જવાબદારીની ઉંમરે પહોંચે છે તેઓ માટે તારણ કાર્યસાધકતા બને છે.*

*યશાયા ૫૩:૫-૬, માર્ક ૧૦:૪૫, લૂક ૨૪:૪૬-૪૮, યોહાન ૧:૨૯, ૩:૧૪-૧૭, પ્રે.કૃ ૪:૧૦-૧૨, રોમન ૩:૨૧-૨૬, ૪:૧૭-૨૫, ૫:૬-૨૧, ૧કરિંથી ૬:૨૦, ૨કરિંથી ૫:૧૪-૨૧, ગલાતી ૧:૩-૪, ૩:૧૩-૧૪, કલોસી ૧:૧૯-૨૩, ૧તિમોથી ૨:૩-૬, તીતસ ૨:૧૧-૧૪, હિબ્રૂ ૨:૯,  ૯:૧૧-૧૪, ૧૩ :૧૨, ૧પિતર ૧:૧૮-૨૧, ૨:૧૯-૨૫, ૧યોહાન ૨:૧-૨.*

**શરત ૭**

**અટલ કૃપા**

*અમે માનીએ છીએ કે માનવજાતનું સર્જન ઈશ્વરની પ્રતિકૃતિ પ્રમાણે થયું હતું કે તે ખરું અથવા ખોટું શું છે તેમાંથી પસંદગી કરી શકવાની ક્ષમતા તેની પાસે હતી, અને આ રીતે માનવોને નૈતિક જવાબદાર બનાવવામાં આવ્યા હતાં. અને*

*આદમના પતન પછી તેઓ નીતિભ્રષ્ટ થઈ ગયા, જેથી તેઓ હવે પોતાની સ્વાભાવિક શક્તિથી પાછા ફરીને પોતાને વિશ્વાસના કાર્યો કરવા માટે તથા ઈશ્વરના તેડા માટે તૈયાર કરી શકતા નથી. પણ અમે એ પણ માનીએ છીએ કે ઈસુ ખ્રિસ્ત દ્વારા ઈશ્વરની કૃપા સર્વ લોકો ઉપર મફત રેડવામાં આવી છે, કે જેઓ પાપથી પાછા ફરીને ન્યાયીપણા તરફ ઈચ્છા રાખે છે, માફી માટે ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે અને પાપથી શુદ્ધ થઈને તેની દૃષ્ટિમાં જે સારું અને સ્વીકાર્ય છે તેવા કૃત્યો કરવા માગે છે.*

*અમે માનીએ છીએ કે સર્વ વ્યક્તિઓ પુર્નજીવનોનો અનુભવ કરેલો હોય અને પૂરેપૂરું શુદ્ધિકરણ થયું હોય તો પણ કૃપામાંથી પતિત થઈ શકે છે અને જ્યાં સુધી તે પોતાના પાપનો પાસ્તાવો કરે નહિ ત્યાં સુધી તે નિરાશામાં અને અનંત રીતે ખોવાયેલો રહે છે.*

*ઈશ્વરની પ્રતિકૃતિ અને નૈતિક જવાબદારી : ઉત્પત્તિ૧:૨૬-૨૭, ૨:૧૬-૧૭, પુનર્નિયમ ૨૮:૧-૨, ૩૦:૧૯, યહોશુઆ ૨૪:૧૫, ગીતશાસ્ત્ર ૮:૩-૫, યશાયા ૧:૮-૧૦, યર્મિયા ૩૧:૨૯-૩૦, હઝકીએલ ૧૮:૧-૪, મિખાહ ૬:૮, રોમન ૧:૧૯-૨૦, ૨:૧-૧૬, ૧૪:૭-૧૨, ગલાતી ૬:૭-૮*

*સ્વાભાવિક અક્ષમતા : અયુબ ૧૪:૪,૧૫:૧૪, ગીતશાસ્ત્ર ૧૪ :૧-૪, ૫૧:૫, યોહાન ૩:૬ રોમન ૩:૧૦-૧૨,૫:૧૨-૧૪, ૨૦, ૭:૧૪-૨૫,*

*મફત કૃપા અને વિશ્વાસની કરણી : હઝકીએલ ૧૮ :૨૫-૨૬, યોહાન ૧:૧૨-૧૩, ૩:૬, પ્રે.કૃ ૫:૩૧, રોમન ૫:૬-૮,૧૮,૬:૧૫-૧૬, ૨૩, ૧૦:૬-૮, ૧૧:૨૨, ૧કરિંથી ૨:૯-૧૪, ૧૦:૧-૧૨, ૨કરિંથી૫:૧૮-૧૯, ગલાતી ૫:૬, એફેસી ૨:૮-૧૦, ફિલિપ્પી ૨:૧૨-૧૩, કલોસી ૧:૨૧-૨૩, ૨તિમોથી ૪:૧૦, તીતસ ૨:૧૧-૧૪. હિબ્રૂ ૨:૧-૩, ૩:૧૨-૧૫, ૬:૪-૬, ૧૦: ૨૬-૩૧, યાકુબ ૨:૧૮-૨૨, ૨પિતર ૧:૧૦-૧૧, ૨:૨૦-૨૨*

**શરત ૮**

**પ્રયશ્ચિત**

*અમે માનીએ છીએ કે પસ્તાવો જે પ્રમાણિક અને પાપના સંબંધમાં મનના બદલાણ દ્વારા છે જેમાં વ્યક્તિગત દોષની લાગણી સામેલ છે અને સ્વૈચ્છિક રીતે પાપથી પાછા ફરવું જોઈએ એ બાબત કૃત્ય અથવા હેતુથી દેવની વિરુદ્ધ પાપી બન્યા છે તેમની પાસે અપેક્ષા રાખવામાં આવે છે. જેઓ સર્વ પસ્તાવો કરે છે તેઓને દેવનો આત્મા પશ્ચાતાપી હૃદય અને કૃપાળુ મદદ અને દયાથી આશા રાખે છે જેથી તેઓ માફી અને આત્મિક જીવન પર વિશ્વાસ કરી શકે.*

*૨કાળવૃતાંત ૭:૧૪, ગીતશાસ્ત્ર ૩૨ :૫-૬, ૫૧ :૧-૧૭, યશાયા૫૫:૬-૭, યર્મિયા ૩૩:૧૨-૧૪, હઝકિએલ ૧૮:૩-૩૨, ૩૩:૧૪-૧૬, માર્ક ૧:૧૪-૧૫, લૂક ૩:૧-૧૪, ૧૩:૧૫, ૧૮:૯-૧૪, પ્રે.કૃ ૨:૩૮, ૩:૧૯, ૫:૩૧, ૧૭:૩૦-૩૧, ૨૬:૧૬-૧૮, રોમન ૨:૪, ૨કરિંથી ૭:૮-૧૧, ૧થેસ્સા ૧:૯, ૨પિતર ૩:૯,*

**શરત ૯**

**ન્યાયકરણ, પુર્નજીવન અને દત્તકપણું**

*અમે માનીએ છીએ કે ન્યાયીકરણ એ દેવનું કૃપાળુ અને ન્યાયીક કૃત્ય છે જેના દ્વારા તે સર્વ દોષિતોને માફી આપે છે અને કરેલા પાપોના દંડથી સંપૂર્ણ મુક્તિ આપે છે અને તેને ન્યાયી તરીકે સ્વીકારે છે, તે સર્વ જેઓ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે અને તેને પોતાના પ્રભુ અને તારનાર તરીકે સ્વીકારે છે.*

*અમે માનીએ છીએ કે પુર્નજીવન અથવા નવો જન્મ એ ઈશ્વરનું કૃપાળુ કૃત્ય છે જેનાથી પ્રાયશ્ચિત કરનાર વિશ્વાસીનો નૈતિક સ્વભાવ આત્મિક રીતે સચેત થાય છે અને વિશિષ્ટ આત્મિક જીવન આપવામાં આવે છે. જે વિશ્વાસ, પ્રેમ અને આધીનતા માટે સક્ષમ હોય છે.*

*અમે માનીએ છીએ કે દત્તકપણું એ દેવનું કૃપાળું કૃત્ય છે જેના દ્વારા ન્યાયી ઠરાયેલો અને પુર્નજીવિત વિશ્વાસીને દેવનો દીકરો ગણવામાં આવે છે.*

*અમે માનીએ છીએ કે, ન્યાયીકરણ, પુર્નજીવન અને દત્તકપણું એ દેવના શોધકને એક સાથે અનુભવાય છે અને વિશ્વાસીની શરતોને આધારે પ્રાપ્ત કરાય છે જે પશ્ચાતાપ પછી અનુસરે છે અને કૃપાના એ કાર્ય તથા સ્થિતિનો સાક્ષી પવિત્ર આત્મા હોય છે.*

*લૂક ૧૮:૧૪, યોહાન ૧:૧૨-૧૩, ૩:૩-૮, પ્રે.કૃ ૧૩:૩૯, રોમન ૧:૧૭, ૩:૨૧-૨૬,૨૮, ૪:૫-૯, ૧૭-૨૫,૫:૧, ૧૬-૧૯, ૬:૪, ૭:૬, ૮:૧, ૧૫-૧૭, ૧કરિંથી ૧:૩૦, ૬:૧૧, ૨કરિંથી ૫:૧૭-૨૧, ગલાતી ૨:૧૬-૨૧, ૩:૧-૧૪, ૨૬, ૪:૪-૭, એફેસી ૧:૬-૭, ૨:૧,૪-૫, ફિલિપ્પી ૩:૩-૯, કલોસી ૨:૧૩, તીતસ ૩:૪-૭, ૧પિત્તર ૧:૨૩, ૧યોહાન ૧:૯, ૩:૧-૨,૯, ૪:૭, ૫:૧, ૯-૧૩,૧૮*

**શરત ૧૦**

## ખ્રિસ્તી પવિત્રતા અને સંપૂર્ણ પવિત્રીકરણ

*અમે માનીએ છીએ કે પવિત્રીકરણ એ દેવનું કાર્ય છે જે વિશ્વાસીઓને અમે માનીએ છીએ કે પવિત્રીકરણ એ દેવનું કાર્ય છે જે વિશ્વાસીઓને ખ્રિસ્તની પ્રતિમામાં પરિવર્તિત કરે છે દેવની કૃપાનું એ કાર્ય છે જે પવિત્રઆત્મા દ્વારા પ્રારંભિક પવિત્રીકરણમાં અથવા પુર્નજીવનમાં (ન્યાયકરણની એક સાથે) પૂરેપૂરું પવિત્રીકરણ એ પવિત્ર આત્માનું સતત સંપૂર્ણ કરતું કાર્ય જે મહિમાની પરાકાષ્ઠાએ લઈ જાય છે. મહિમામાં આપણે પુત્રની પ્રતિમા સંપૂર્ણ ધારણ કરી લઈએ છીએ.*

*અમે માનીએ છીએ કે સંપૂર્ણ પવિત્રીકરણ એ દેવનું કૃત્ય છે, પુર્નજીવન પછી તે સ્થાન લે છે જેના દ્વારા વિશ્વાસીઓ મૂળ પાપથી મુક્ત કરવામાં આવે છે અને દેવને પૂરેપૂરા સમર્પણની સ્થિતિમાં વ્યક્તિને લાવે છે, અને પ્રેમની પવિત્ર આધીનતાને સંપૂર્ણ કરવામાં આવે છે.*

*એ કાર્ય બાપ્તિસ્મા દ્વારા પવિત્રઆત્માથી ભરપૂર થવાથી થાય છે અને એક જ અનુભવમાં સમજી શકાય છે, પાપથી હૃદયનું શુદ્ધ થવું અને પવિત્રઆત્માનો વાસો કરનાર હાજરી અને સતત સાથે વાસો, વિશ્વાસીઓને જીવન તથા સેવા માટે સશક્ત કરવા.*

*સંપૂર્ણ પવિત્રીકરણ ઈસુના રક્ત દ્વારા પૂરું પાડવામાં આવે છે. આ કાર્ય વિશ્વાસીથી કૃપા દ્વારા તુરંત થાય છે, તે પૂરું અભિષેક પછી અનુસરે છે અને કૃપાના આ કાર્ય તથા સ્થિતિ માટે પવિત્રઆત્મા સાક્ષી આપે છે.*

*આ અનુભવ જુદા જુદા તબક્કામાં વિવિધ સંદર્ભો દ્વારા રજૂ થાય છે જેવા કે ''ખ્રિસ્તી સંપૂર્ણતા'', ''સંપૂર્ણ પ્રેમ, હૃદયની શુદ્ધતા'', ''પવિત્ર આત્માનું બાપ્તિસ્મા અથવા ભરપૂરીપણું'', ''આશીર્વાદોની ભરપૂરી'', અને ''ખ્રિસ્તી પવિત્રતા''*

*અમે માનીએ છીએ કે, શુદ્ધ હૃદય અને પરિપક્વ ચરિત્ર વચ્ચે દેખીતો તફાવત છે. પહેલુ છે તે સંપૂર્ણ પવિત્રીકરણના પરિણામે તુરંત જ મળી જાય છે જ્યારે બીજું  કૃપામાં વૃદ્ધિનું પરિણામ છે.*

*અમે માનીએ છીએ કે સંપૂર્ણ પવિત્રીકરણની કૃપામાં સામેલ છે ખ્રિસ્ત જેવા શિષ્ય તરીકે કૃપામાં વૃદ્ધિ માટે દૈવિય આવેશ. તેમ છતાં આ આવેશને સભાનતાથી માવજત કરવામાં આવે અને જરૂરી કાળજી પૂર્વકનું ધ્યાન રાખવામાં આવે અને આત્મિક વિકાસની પ્રક્રિયાઓ અને ખ્રિસ્તની પ્રતિકૃતિમાં ચરિત્ર તથા વ્યક્તિવની સુધારણા કરાય. આવા હેતુપૂર્વકના પ્રયાસ વગર વ્યક્તિની સાક્ષી બગડી જાય છે અને કૃપા પોતે ઉચવાટમાં આવીને આખરે ખોઈ બેસે છે.*
*કૃપાના માધ્યમોમાં ભાગીદાર થવું, ખાસ કરીને સંગતમાં શિસ્તમાં, અને મંડળીની વિધિઓમાં થવાથી વિશ્વાસી કૃપામાં અને દેવ તથા પડોશી પ્રત્યેના સંપૂર્ણ હૃદયી પ્રેમમાં વૃદ્ધિ પામે છે.*

*યર્મિયા ૩:૩૧-૩૪, હઝકીએલ ૩૬:૨૫-૨૭, માલાખી ૩:૨-૩, માથ્થી૩:૧૧-૧૨, લૂક ૩:૧૬-૧૭, યોહાન૭:૩૭-૩૯, ૧૪:૧૫-૨૩, ૧૭:૬-૨૦, પ્રે.કૃ ૧:૫, ૨:૧-૪, ૧૫:૮-૯, રોમન ૬:૧૧-૧૪, ૧૯, ૮:૧-૪, ૧૨-૧-૨, ૨કરિંથી ૬:૧૪ - ૭:૧, ગલાતી ૨:૨૦, ૫:૧૬-૨૫, એફેસી ૩:૧૪-૨૧, ૫:૧૭-૧૮, ૨૫-૨૭, ફિલિપ્પી ૩:૧૦-૧૫, કલોસી ૩:૧-૧૭, ૧થેસ્સા૫:૨૩-૨૪, હિબ્રૂ ૪:૯-૧૧, ૧૦:૧૦-૧૭, ૧૨:૧-૨, ૧યોહાન ૧:૭,૮*

*ખ્રિસ્તી સંપૂર્ણતા''  ''સંપૂર્ણ પ્રેમ'' પુનર્નિયમ ૩૦:૬, માથ્થી ૫:૪૩-૪૮, ૨૨:૩૭-૪૦ રોમન ૧૨ :૯-૨૧, ૧૩:૮-૧૦, ૧કરિંથી ૧૩, ફિલિપ્પી ૩:૧૦-૧૫, હિબ્રૂ ૬:૧, ૧યોહાન ૪:૧૭-૧૮*

*''હૃદયની શુદ્ધતા'' માથ્થી ૫:૮, પ્રે.કૃ ૧૫ :૮-૯, ૧પિત્તર ૧:૨૨, ૧યોહાન ૩:૩,*

*પવિત્રઆત્માનું બાપ્તિસ્મા :  યર્મિયા ૩૧:૩૧-૩૪, હઝકીએલ ૩૬:૨૫-૨૭, માલાખી ૩:૨-૩, માથ્થી ૩:૧૧-૧૨, લૂક ૩:૧૬-૧૭, પ્રે.કૃ ૧:૫, ૨:૧-૪, ૧૫:૮-૯,*

*આશીર્વાદોની ભરપૂરી : રોમન ૧૫:૨૯*

*ખ્રિસ્તી પવિત્રતા : માથ્થી ૫:૧-૭,૨૯, યોહાન ૧૫:૧-૧૧, રોમન ૧૨:૧ - ૧૫:૩, ૨કરિંથી ૭:૧, એફેસી ૪:૧૭ - ૫:૨૦ ફિલિપ્પી ૧:૯૧૧, ૩:૧૨:૧૫, કલોસી ૨:૨૦ -૩:૧૭, ૧થેસ્સા ૩: ૧૩, ૪:૭-૮, ૫:૨૩, ૨તિમોથી ૨:૧૯-૨૨, હિબ્રૂ ૧૦:૧૯-૨૫, ૧૨:૧૪, ૧૩:૨૦-૨૧, ૧પિત્તર ૧:૧૫-૧૬, ૨પિત્તર ૧:૧-૧૧ ૩:૧૮, યહુદા ૨૦-૨૧*

**શરત ૧૧**

**મંડળી**

*અમે માનીએ છીએ, જે સમાજ ઈસુ ખ્રિસ્તને પ્રભુ તરીકે કબૂલ કરે છે, દેવના કરારના લોકો, ખ્રિસ્તમાં નવી ઉત્પત્તિ, ખ્રિસ્તનું શરીર, વચનથી પવિત્રઆત્મા દ્વારા એક થવા તેડાયેલા.*

*દેવે મંડળીને એક્તામાં પોતાનું જીવન અને આત્માની સંગત વ્યક્ત કરવા તેડી છે. ભક્તિમાં વચન દ્વારા પ્રચાર, વિધિઓનું પાલન, અને તેના નામમાં સેવા કરવા ખ્રિસ્તને આધીન થવા દ્વારા પવિત્રજીવન અને પરસ્પર જવાબદારી વ્યક્ત કરવા તેડી છે.*

*જગતમાં દેવનો હેતુ એ છે કે ખ્રિસ્તની ઉદ્ધારક અને સમાધાનકારી સેવાઓમાં ભાગીદાર થવું જે પવિત્રઆત્માના સામર્થ્યમાં છે. મંડળી પોતાનો હેતુ, સુવાર્તા દ્વારા શિષ્યો બનાવવા, શિક્ષણ, અનુકંપા બતાવવી, ન્યાય માટે કામ કરવું, દેવના રાજ્યના સાક્ષી બનવા દ્વારા પરિપૂર્ણ કરે છે.*

*મંડળીએ ઐતિહાસિક, વાસ્તવિક્તા છે જે સાંસ્કૃતિક સ્થિતિના રૂપમાં પોતાને સંયોજીત કરે છે, બંને રીતે અસ્તિત્વ ધરાવે છે સભાજન અને વૈશ્વિક મંડળી અને દેવે તેડેલા વ્યક્તિઓને ખાસ સેવા કરવા માટે અલગ પણ કરે છે. ઈસુના આવવાના સમય સુધી દેવ મંડળીને પોતાના અધિકાર નીચે અપેક્ષાની પરિપૂર્તિ કરવા માટે જીવવાને તેડી છે.*

*નિર્ગમન ૧૯:૩, યર્મિયા ૩૧:૩૩, માથ્થી ૮:૧૧, ૧૦-૭, ૧૬:૧૩-૧૯,૨૪, ૧૮:૧૫-૨૦, ૨૮:૧૯-૨૦, યોહાન ૧૭:૧૪-૨૬, ૨૦:૨૧, ૨૩, પ્રે.કૃ ૧:૭-૮, ૨:૩૨-૪૭, ૬:૧-૨, ૧૩:૧, ૧૪:૨૩, રોમન ૨:૨૮-૨૯, ૪:૧૬, ૧૦:૯-૧૫, ૧૧:૧૩-૩૨, ૧૨:૧-૮, ૧૫:૧-૩, ૧કરિંથી ૩:૫-૯, ૭:૧૭, ૧૧:૧, ૧૭-૩૩, ૧૨:૭૩, ૧૨-૩૧, ૧૪:૨૬-૪૦, ૨કરિંથી ૫:૧૧ - ૬:૧, ગલાતી ૫:૬, ૧૩-૧૪, ૬:૧-૫, ૧૫, એફેસી ૪:૧-૧૭, ૫:૨૫-૨૭, ફિલિપ્પી ૨:૧-૧૬, ૧થેસ્સા ૪:૧-૧૨, ૧તિમોથી ૪:૧૩, હિબ્રૂ ૧૦)૧૯૦૨૫, ૧પિતર ૧:૧-૨, ૧૩, ૨:૪-૧૨, ૨૧, ૪:૧-૨, ૧૦-૧૧, ૧યોહાન ૪:૧૭, યહુદા ૨૪, પ્રક્ટીકરણ ૫:૯-૧૦.*

**શરત ૧૨**

**બાપ્તિસ્મા**

*અમે માનીએ છીએ કે આપણા પ્રભુએ બાપ્તિસ્માનો આદેશ કર્યો છે, તે અર્થપૂર્ણ સ્વીકાર્ય વિધિ છે જે ઈસુ ખ્રિસ્તના પ્રાયશ્ચિત બલિનો લાભ આપે છે, તે વિશ્વાસીઓ માટે છે અને ઈસુ ખ્રિસ્તને પોતાના તારનાર તરીકે સ્વીકાર્યાના વિશ્વાસની જાહેરાત છે તથા પવિત્રતા તથા ન્યાયીપણામાં આધીનતાનો પૂર્ણ હેતુ છે.*

*બાપ્તિસ્મા નવા કરારનું ચિહ્ન હોઈને, નાના બાળકોનું બાપ્તિસ્મા કરી શકાય પણ તે જે તે બાળકના વાલી અથવા જેની જવાબદારી નીચે હોય તેની વિનંતીને આધારે થઈ શકે. જે તેમની જરૂરી ખ્રિસ્તી તાલીમની પૂર્ણ બાંહેધરી આપે ત્યારે બાપ્તિસ્મા છાંટાનું, રેડીને અથવા ડુબકીનું આપી શકાય, તે પણ અરજ કરનારની પસંદગીને આધારે.*

*માથ્થી ૧૬:૨૯-૩૪, ૨૮:૧૬-૨૦, પ્રે.કૃ ૨:૩૭-૪૧, ૮:૩૫-૩૯, ૧૦)૪૪-૪૮ ૧૬:૨૯-૩૪, ૧૯:૧-૬ રોમન ૬:૩-૪, ગલાતી ૩:૨૬:૨૮, કલોસી ૨:૧૨, ૧પિત્તર ૩: ૧૮-૨૨*

**શરત ૧૩**

**પ્રભુ ભોજન**

*અમે માનીએ છીએ કે યાદગીરી અને ભાઈચારાનું ભોજન આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તે સ્થાપેલા છે જે નવા કરારની આવશ્યક વિધિ છે, જે તેના બલિદાનયુક્ત મરણની જાહેરાત હતી, જેના દ્વારા ખ્રિસ્તમાં વિશ્વાસીઓને જીવન,*

*તારણ અને સર્વ આત્મિક આશીર્વાદોના વચનોની યોગ્યતા પ્રાપ્ત થાય છે. એ તો વિશિષ્ટ રીતે તેઓ માટે છે જેઓ તેના મહત્વની આદરયુક્ત પ્રશંસા માટે તૈયાર થયેલા છે, અને તેના દ્વારા તેઓ પ્રભુના ફરી આવવા સુધી તેના મરણને પ્રગટ કરે છે એ તો ભાઈચારાનું ભોજન છે. તેથી તેમાં માત્ર જેઓને ખ્રિસ્ત પર વિશ્વાસ છે અને સંતો માટેનો પ્રેમ છે તેઓને જ તેમાં ભાગીદાર થવા દેવા જોઈએ.*

*નિર્ગમન ૧૨:૧-૪, માથ્થી ૨૬:૨૬-૨૯, માર્ક ૧૪:૨૨-૨૫, લૂક ૨૨:૧૭-૨૦ યોહાન ૬:૨૮-૫૮, ૧કરિંથી ૧૦:૧૪-૨૧, ૧૧:૨૩-૩૨*

**શરત ૧૪**

**દૈવિય સાજાપણું**

*અમે બાઈબલના દૈવિય સાજાપણાના સિદ્ધાંતમાં માનીએ છીએ અને અમારા લોકોને બીમારો માટે વિશ્વાસની પ્રાર્થના કરવા હાકલ કરીએ છીએ. અમે એ પણ માનીએ છીએ કે દેવ વૈદકિય વિજ્ઞાન માધ્યમથી સાજાપણું આપે છે.*

*૨રાજાઓ ૫:૧-૧૯, ગીતશાસ્ત્ર ૧૦૩:૧-૫, માથ્થી ૪:૨૩-૨૪, ૯:૧૮-૩૫, યોહાન ૪ : ૪૬-૫૪, પ્રે.કૃ ૫:૧૨-૧૬, ૯:૩૨-૪૨, ૧૪:૮-૧૫, ૧કરિંથી ૧૨:૪-૧૧, ૨કરિંથી ૧૨:૭-૧૦, યાકુબ ૫:૧૩-૧૬,*

**શરત ૧૫**

**ખ્રિસ્તનું પુનરાગમન**

*અમે માનીએ છીએ કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત ફરીથી પાછા આવશે. તે આવશે ત્યારે જેઓ જીવે છે તેઓ ખ્રિસ્ત ઈસુમાં ઊંઘી ગયેલા છે તેઓની પહેલા જનારા નથી પણ જેઓ તેનામાં છે તેઓ ઉઠેલા સંતોની સાથે વાદળાઓમાં પ્રભુને મળવા સારું તણાઈ જશે જેથી આપણે સદાકાળ માટે પ્રભુ સાથે હોઈએ.*

*માથ્થી ૨૫:૩૧-૪૬, યોહાન ૧૪:૧-૩, પ્રે.કૃ ૧:૯-૧૧, ફિલિપ્પી ૩:૨૦-૨૧, ૧થેસ્સા ૪:૧૩-૧૮, તીતસ ૨:૧૧-૧૪, હિબ્રૂ ૯:૨૬-૨૮, ૨પિત્તર ૩:૩-૧૫, પ્રક્ટીકરણ ૧:૭-૮, ૨૨:૭-૨૦*

**શરત ૧૬**

**પુનરુત્થાન, ન્યાય અને અંત**

*અમે મરેલાઓના પુનરુત્થાનમાં માનીએ છીએ કે ન્યાયી અને અન્યાયી બંનેના શરીરોને ફરીથી સજીવન કરીને તેમના આત્માઓ સાથે એક કરાશે "જેઓએ સારા કામ કર્યા હશે તેઓને જીવન માટે ઉઠાડવામાં આવશે અને જેઓએ ભૂંડા કામો કર્યા હશે તેઓને નર્કવાસની અનંતશિક્ષાને માટે ઉઠાડવામાં આવશે."*

*અમે ભવિષ્યના ન્યાયમાં માનીએ છીએ કે  જેમાં દરેક વ્યક્તિ દેવની આગળ ન્યાય માટે હાજર થશે. તેઓએ આ જીવનમાં કરેલ કરણીઓ પ્રમાણે તેમનો ન્યાય થશે.*

*અમે માનીએ છીએ કે જેઓએ ઈસુખ્રિસ્ત આપણા પ્રભુ ઉપર વિશ્વાસ કર્યો છે અને આધીનતાથી તેને અનુસર્યા છે તેઓ સર્વ માટે મહિમાવંત તથા અનંતજીવનની ખાત્રી છે અને જેઓએ પસ્તાવો કર્યો નથી તેઓ આખરે અનંતતા માટે નર્કમાં જશે.*

*ઉત્પત્તિ ૧૮-૨૫, ૧શમુએસ ૨:૧૦, ગીતશાસ્ત્ર ૫૦:૬, યશાયા ૨૬:૧૯, દાનિયેલ ૧૨:૩, માથ્થી ૨૫:૩૧-૪૬, માર્ક ૯:૪૩-૪૮, લૂક ૧૬:૧૯-૩૧, ૨૦:૨૭-૩૮, યોહાન ૩:૧૬-૧૮, ૫:૨૫-૨૯, ૧૧:૨૧-૨૭, પ્રે.કૃ ૧૭:૩૦-૩૧, રોમન ૨:૧-૧૬, ૧૪:૭-૧૨, ૧કરિંથી ૧૫:૧૨-૫૮,૨કરિંથી ૫:૧૦, ૨થેસ્સા ૧:૫-૧૦, પ્રક્ટીકરણ ૨૦-૧૧-૧૫, ૨૨:૧-૧૫*